

ડીસા શહેરમાં મોહરમ નિમિત્તે તાજીયાનું જુલુસ નિકળ્યું

ડીસા શહેરમાં મોહરમ નિમિત્તે મુસ્લીમ સમાજના બિરાદરો દ્વારા રવિવારે બપોરે ૨.૦૦ વાગ્યે ડોલીવાસ વિસ્તારમાંથી ભવ્ય તાજીયાનું જુલુસ નિકાળવામાં આવ્યુ હતુ. આ તાજીયા જુલુસ ડોલીવાસ થી ઢેબર રોડ, મારવાડી મોચીવાસ, અંબાજી મંદિર, લેખરાજ ચારરસ્તા, સરસ્વતિ હોટલ, શીવાજી હોટલ, રીસાલા મસ્જીદ, થઈ જુની પોલીસ લાઈન, રાજપુર ગવાડી મિરા મહોલ્લા ત્રણબત્તિ ખાતે મોડી સાંજે તાજીયાનું જુલુસ ઠંડા કરવામાં આવ્યા હતા. આ મોહરમ નિમિત્તે ડીસાના ડી.વાય.એસ.પી ની સુચના મુજબ શાંતિ અને સલામતી જળવાઈ રહે તે હેતુ થી ડીસા શહેરમાં ચુસ્ત પોલીસ બંધોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ડીસા શહેરના મુખ્ય માર્ગો ઉપર તાજીયાનું જુલુસ નિકળતા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. અને શાંતિ થી તાજીયાનું સંપન્ન થયુ હતું.

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસામાં ઓબ્ઝર્વર દ્વારા માર્ગદર્શન અપાયું

ડીસા, તા. ૨૫

આગામી વિધાનસભાની ચુંટણીઓમાં આદર્શ આચાર સંહીતાનુ તમામ રાજકીય પક્ષો અમલીકરણ કરે અને ઉમેદવારો પણ ચુંટણી પંચે નિયત કરેલ ખર્ચના મર્યાદામાં પોતાનો ચુંટણી પ્રચાર કરે તે તમામ બાબતોના માર્ગદર્શન માટે આજે ડીસા ખાતે નાયબ કલેકટર કચેરીમાં સ્પેશીયલ ઓબઝર્વર વાચસ્પટી ત્રિપાઠીની અધ્યક્ષતાએ એક મીટીંગનું આયોજન કરાયુ હતુ. જેમાં રાજકીય પક્ષો, આગેવાનો, અને મીડીયાને આ બાબતે યોગ્ય માહીતી અને સમજણ આપવામાં આવી હતી.

ડીસા નાયબ કલેકટર કચેરી ખાતે ઈન્કમટેક્ષ વિભાગમાંથી આવેલ આઈ.આર.એસ.અને સ્પેશ્યીલ ચુંટણી ખર્ચ ઓબઝર્વર વાચસ્પટી ત્રિપાઠીની અધ્યક્ષતાએ ચુંટણી ખર્ચ અને આચારસંહીતા અમલીકરણ બાબતની યોગ્ય માહીતી આપવામાં આવી હતી. જેમાં નાયબ કલેકટર ડીસા સહીતના અધિકારીઓ હાજર રહ્યા હતા. આ બાબતે ચુંટણી અધિકારી વાચસ્પટી ત્રિપાઠીએ જણાવ્યુ હતુ કે ડીસા તેમજ ધાનેરા વિધાનસભા બેઠક માટે ચુંટણી અધિકારીના હુકમ મુજબ છ વિવિધ ટીમો તમામ ઉમેદવારોના ખર્ચ, સભા તેમજ તમામ બાબતોનુ સ્વતંત્ર, મોનીટરીંગ કરશે. તમામ ઉમેદવારોએ તેઓના નિયત ખાતામાંથી ખર્ચ કરવા પડશે અને તમામ ખર્ચના આવક જાવકના હિસાબો યોગ્ય રીતે નિભાવવા પડશે. આ બાબતે કોઈપણ પ્રકારની ચુંટણી આંચાર સહીતા ભંગ થાય તેવી પ્રવૃતી ચલાવી લેવાશે નહી. અને દોષીતો સામે કડકાઈએ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેઓએ સ્પષ્ટ જણાવ્યુ હતુ કે ઉમેદવારોએ ચુંટણી પંચે નિયત કરેલ ખર્ચથી વધારે ખર્ચ કરવાનો રહેશે નહી અને જો આ બાબતે ફરીયાદ મળશે અને તંત્રને પુરતા પુરાવા મળશે તો જે તે દોષીત ઉમેદવારો સામે કડકાઈએ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ કાર્યવાહીમાં દોષીત ઉમેદવાર નિયમો અને કાયદા મુજબ ડીશ ક્વોલીફાઈડ પણ થઈ શકે છે, તેવુ તેમને જણાવ્યુ હતુ. જો કે નવાઈ વચ્ચે રાજકીય પક્ષોના આગેવાનોમાં કોંગ્રેસના પ્રકાશભાઈ ભરતીયા તેમજ પી.વી. રાજગોર સિવાય અન્ય કોઈ રાજકીય પક્ષો આ મીટીંગમાં હાજર રહ્યા ન હતા. આચારસંહીતા ભંગ બાબતે કોઈપણ ફરીયાદ મળે તેના પર તાત્કાલીક કાર્યવાહી અને તપાસ કરવામાં આવશે. તેવુ સ્પેશ્યલ ઓબઝર્વર વાચસ્પટી ત્રિપાઠીએ જણાવ્યુ હતુ.

હિંમતનગર શહેરમાં શાંતિપૂર્ણ અને ચૂસ્ત બંદોબસ્ત સાથે તાજીયા જુલુસ નિકળ્યા

ગાંધીનગર, તા. ૨૫

હિંમતનગર શહેરમાં મહોરમ શરીફનો તહેવાર ખૂબ જ દબદબાભેર ચૂસ્ત બંદોબસ્ત સાથે શાંતિપૂર્વક ઉજવાયો હતો. શહેરના મુસ્લિમ બિરાદરો અને હિન્દુભાઈઓ-બહેનોના એકયસમ સમગ્ર તાજીયા જુલુસ નગરચર્યામાં નિકળ્યું હતું અને હજારોની જનમેદની સાથે સંપન્ન થયું હતું.

પયગમ્બર સાહેબના પ્યારા નવાસા, હઝરત ઈમામે હસન હુશેન અને તેમના ૭૨ સાથીઓ કરબાલાના મેદાનમાં હક અને બાતીલની લડાઈ લડીને ઈસ્લામ ધર્મના સિદ્ધાંતો ખાતર શહીદ થયા હતા. તેમની યાદમાં દર વર્ષની માફક આ વર્ષે પણ મહોરમ શરીફનો તહેવાર મનાવવામાં આવ્યો હતો. ૯ માં ચાંદની રાત્રે એટલે કે શહાદતની રાત કહેવાય છે. તે સમયે મહોરમ શરીફનું ફૂલહાર પહેરાવીને મહોરમ શરીફનું સત્કાર સમારંભનો પ્રોગ્રામ હાજીપુરા હુસેની ચોકમાં રાખ્યો હતો. તે દરમ્યાન કોમી એકતા અને ભાઈ-ચારાના પ્રતિક સમા હિંદુ-મુસ્લીમ સમાજના શ્રેષ્ઠી નગરજનો, અનેક સંસ્થાના સામાજીક અને રાજકીય આગેવાનો, તેમજ સમગ્ર નગરજનો ખૂબજ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ત્યાર પછી મોડી રાત્રે મહોરમ શરીફનું ઝુલુસ વિવિધ વિસ્તારોમાં ફર્યું હતું અને ૧૦મા ચાંદના દિવસે બપોર પછી શહેરના અનેક વિસ્તારોમાં હજારોની જનમેદની સાથે ઝુલુસ આકારમાં ફર્યું હતું અને રાત્રીના સમયે હસન સહીદ બાવાની દરગાહ શરીફ કમ્પાઉન્ડમાં મહોરમ શરીફને ઠંડા કરવામાં આવ્યા હતા. અનેક જગ્યાઓએ પરબ-છબીલો બનાવીને દૂધ કોલ્ડ્રીંક્સનું શરબત બનાવી પ્રસાદી વહેંચવામાં આવી હતી અનેક જગ્યાઓએ પ્રસાદી બનાવીને નગરજનોને જમાડવામાં આવ્યા હતા અને બંદિવસે મુસ્લીમ સમાજના નગરજનો રોજા રાખીને નમાજ પઢીને અલ્લાહ ત્આલાની બંદગી કરી હતી. મહોરમના ૧૦માં ચાંદના દિવસે સવારે આશુરાની નમાઝ અદા કરી હતી. અને કરબલાના મેદાનમાં શહીદી વહોરનાર ઈમામે હસન-હુશેન અને તેમના ૭૨ સાથીઓ માટે દુઆઓ માંગી હતી. આ પ્રોગ્રામને સફળ બનાવવા હાજીપુરા મહોરમ હુસેની કમિટિના પ્રમુખ ઈશાકભાઈ શેખ, ઉપપ્રમુખ-મુસ્તાકભાઈ સૈયદ, ફીરોજભાઈ શેખ, એજાજભાઈ સૈયદ, બશીરભાઈ લુહાર, સનાઉલ્લાહભાઈ શેખ, આબીદ અલી સૈયદ, સલીમભાઈ સૈયદ, ઈમરાનભાઈ શેખ, આયાખાન પઠાણ અને હુસેની કમિટિના તમામ સભ્યો અને સંસ્થાના પ્રમુખ-ટ્રસ્ટી-વાઈસ ચેરમેન-સભ્યો અને એ જ વિસ્તાના નગરજનોના સહિયારા પ્રયાસથી આ પ્રોગ્રામ સફળ રહ્યો હતો. આ દરમ્યાન કોઈ અજુકતુ બનાવ ન બને તે માટે જિલ્લા પોલીસ વડાની સીધી સૂચનાથી ડી.વાય.એસ.પી. ગેલોટ અને ટાઉન પી.આઈ. જે. એમ. આલની સમગ્ર ટીમે સાથે રહી ચાંપતી નજર રાખીને ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો. આ મહોરમ શરીફનો તહેવાર શાંતિપૂર્વક પૂર્ણ થયો હતો.

બાયડ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં ૫૦૦ની બે ચલણી નોટો મળી

હિંમતનગર, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના બાયડ ખાતે કોઈ ઈસમ સ્ટેટબેંક ઓફ ઈન્ડીયા બાયડ શાખામાં રૂ. ૫૦૦ની ચલણી કુલ-૨ નોટો નકલી હોવાનું જાણવા છતાં બેંકમા ભરી ગયેલાની બાયડ પોલીસમથકે નોંધ થઈ હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બે મહિના અગાઉ બાયડ મુકામે સ્ટેટબેંક ઓફ ઈન્ડીયા બાયડ શાખામાં કોઈ ઈસમે રૂ. ૫૦૦ની ચલણી નોટ નંગ-૨ જેનો નંબર (૧) ૪-એ.પી.-૪૯૨૮૬૮(૨)૯-એ-એમ.૮૨૧૦૩૫ની મળી કુલ રૂ. ૧૦૦૦ની બનાવટી ચલણી નોટો હોવાનું જાણવા છતાં ભારતીય ચલણમાં મુકવાના ઈરાદે બેંકમાં ભરી ગયેલાની ફરીયાદ તા. ૨૪-૧૧-૧૨ના રોજ સુરેશભાઈ રામનાથન અયેર રહે. બાયડના પોતે બાયડ પોલીસ સ્ટેશન ફરીયાદ નોંધાયેલ છે.

આ અંગે જિલ્લા એલ.સી.બી. પી.આઈ. ડી.પી. ચુડાસમાએ હિંમતનગરનાઓએ ઈ.પી.કો. ક. ૪૮૯(ક), (ખ) મુજબનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સુપ્રભાતમ્ (પાના નં. ૨ નું ચાલુ)

રાજકારણીઓ ઉપર તેમાં લખાતાં ચાબખા ખરેખર આપની નિડરતા અને નિષ્પક્ષતા દર્શાવે છે. તેમાં પ્રસિધ્ધ થતાં ચિંતન, બોધકથા પ્રેરણા દાયક અને વરિષ્ઠ જ્ઞાન પ્રદાન કરતા રહે છે.

હું આપના કોલમનો ચાહક છું, અને ગાંધીનગર સમાચારના વાંચનમાં પહેલાં 'સુપ્રભાતમ્' કોલમથી શરૂઆત કરૂં છું. આપને આ તકે શુભેચ્છા પાઠવતાં આનંદ અનુભવું છું.

- વી. પી. વ્યાસ, સેકટર-૨૨, ગાંધીનગર

સુપ્રભાતમ્ : સત્યની પ્રશસ્તિ, દંભ-જૂઠાણાનો પર્દાફાશ

'ગાંધીનગર સમાચાર' દૈનિકમાં રોજેરોજ પ્રસિધ્ધ થતી શ્રી સુરેશભાઈ ભટ્ટની 'સુપ્રભાતમ્' કટાર ૧૬ વર્ષ પૂરાં કરી ૧૭મા વર્ષે પ્રવેશે છે ત્યારે શ્રી સુરેશભાઈ અને 'ગાંધીનગર સમાચાર'ને સહર્ષ હાર્દિક અભિનંદન પાઠવું છું. કોઈ પણ દૈનિક પ્રસિધ્ધ થતી કટાર સોળ-સોળ વર્ષ સુધી અચૂક અને સતત પ્રગટતી રહે તે સ્વયમ્ ગુજરાતી પત્રકારત્વમાં એક વિરલ ઘટના હશે તેમ મને લાગે છે; ખાસ કરીને જયારે તે એક જ વ્યક્તિ દ્વારા લખાતી હોય. તે માટે પણ શ્રી સુરેશભાઈ સવિશેષ અભિનંદનને પાત્ર છે.

વર્ષો સુધી આ કટાર પહેલા પાનાની અંદરની બાજુ ડાબે મથાળે છપાતી રહી. છાપુ ખોલીએ એટલે પહેલાં 'સુપ્રભાતમ્' જ વાંચી લેવાનું મન થાય. એમાં સાંપ્રત ઘટના, વ્યક્તિ કે તેણે કહેલા શબ્દોના વિષયમાં લખાયેલ 'સવારની સલામી' અને 'હાઈકું' માં કટીક પ્રશંસા તો કટીક કટાક્ષ, કટીક સમર્થન તો કટીક ગર્ભિત વિરોધ કોઈની પણ શેહશરમ વિના તટસ્થતાથી વ્યક્ત થાય. સત્યની પ્રશસ્તિ થાય તો દંભ કે જૂઠાણાનો પર્દાફાશ થાય. આ તાટસ્થ્ય અને નિર્ભયતા માટે પણ શ્રી સુરેશભાઈ પ્રશંસાના અધિકારી છે. તાજી જ વાતોને આવરી લેવાય તેથી વધુ રસપ્રદ રહે છે.

સુભાષિત પણ રોજ નવાં અને બોધપ્રદ હોય છે. એ મૂળ સંસ્કૃતમાં હોય છે તેના મુદ્રણમાં પ્રુફ વાંચવામાં થોડીક વધુ કાળજી રખાય તો સારૂં એમ મને લાગે છે. ઘણીવાર સમાસ કે સંધિના અક્ષરો છૂટા પડી જાય, બીજા પદની સાથે છપાતા હોવાથી મૂળ વાંચીને સમજતાં વાર લાગે છે. જો કે ગુજરાતી અનુવાદ વાંચીને અર્થ સ્પષ્ટ કરી લેવાય છે.

'સુવિચાર' માં એક જ વિષય પર જુદા જુદા ચિંતકોને પ્રગટ કરેલી ઉક્તિઓ તે જ વિષયના અલગ અલગ દૃષ્ટિકોણથી કઈ રીતે જોવાય તે સચોટ રીતે વ્યક્ત કરે છે. શ્રી સુરેશભાઈ ખૂબ કાળજીપૂર્વક તે વિચાર કણિકાઓની પસંદગી કરતા હોય તેમ સ્પષ્ટ થાય છે.

નિત્ય નવી બોધકથાઓ પણ અત્યંત રસપ્રદ હોય છે. લાંબા ઉપદેશ કરતાં પણ વધુ સચોટ રીતે એક નાની બોધકથા હૃદય સોંસરવી ઉતરી જાય છે. રોજ સવારે આટલું માનસિક ભાથું બાંધી લીધા પછી દિવસ આખો સુધરી જતો હોય તેમ લાગે છે. આવા દિવસો સુધારવા બદલ શી સુરેશભાઈનો હાર્દિક આભાર.

- એમ. યુ. પુરોહિત, સેકટર-૨૦, ગાંધીનગર

ગાંધીનગર સમાચારના વિવિધ વિષયોના રસથાળમાં, આગવી પ્રથમ ગ્રાસ ચાખવાની તમતમતી નિર્દોષ વાનગી એટલે 'સુપ્રભાતમ્'

આપણાં 'ગાંધીનગર સમાચાર' ના કિશોરાવસ્થાથી આજદિન સુધી સતત ૧૬ વર્ષથી 'સુપ્રભાતમ્' કોલમમાં, તત્કાલિન વિવિધ ઘટનાઓ પર પ્રકાશ પાથરતાં, આપનાં 'સલામી સવારની,' 'હાઈકું' સંસ્કાર વારસાના અંશો પ્રગટ કરતું 'ચિંતન', દુનિયાભરના વિવિધ ક્ષેત્રનાં ચિંતકોના અનુભવ ભાથામાં અણમોલ મોતી સમાન 'સુવિચાર'. વિવિધ સમસ્યાઓના ઉકેલ દર્શાવતી 'બોધકથા' થી ઘણા બધા ઉત્સુક વાચકો સવારના પીણાની ચુસ્કી સાથે, 'સુપ્રભાતમ્'નું રસપાન કરતાં કરતાં પોતાના દિવસની શરૂઆત કરે છે.

ગાંધીનગર સમાચારના વિવિધ વિષયોના રસથાળમાં, આગવી પ્રથમ ગ્રાસ ચાખવાની તમતમતી નિર્દોષ વાનગી એટલે 'સુપ્રભાતમ્'. આ કોલમ, તટસ્થ, નીડર - સચોટ - એવાં સતત મર્મભેદી શબ્દભાથાનાં પ્રશંશાથી માંડીને વેધક કટાક્ષનાં તીખા પ્રકાશ તીરોથી વિવિધ કક્ષાના ક્ષેત્રોના મહાનુભાવોના કહેવાતા ચરિત્રોને સાચા અર્થમાં ઉજાગર કરે છે.

૧૬મા વર્ષના સમાપન અને ૧૭મા વર્ષની પ્રવેશ વેળાએ શ્રી સુરેશ ભટ્ટને 'ખાસ સલામ' કરૂં છું અને 'સુપ્રભાતમ્' કોલમ સતત, ઉત્તરોત્તર પ્રગતિ કરે, સર્વને રસપાન કરાવતી રહે તેવી શુભેચ્છા પાઠવું છું.

અંતમાં 'આર. કે. લક્ષ્મણ કી દુનિયા' જેવી ટીવી સિરીયલને સમકક્ષ કથાવસ્તુ ધરાવતી શ્રી સુરેશ ભટ્ટની 'સુપ્રભાતમ્' કોલમને ટીવી સિરીયલનો કથા દેહ મળે તેવી અભિપ્સા.

- અમૃતભાઇ મોટ, પ્રમુખ, વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટ

યા પછી; પહેલાં ગાંધીનગર સમાચાર અને તેમાં પણ 'સુપ્રભાતમ્'...

ગાંધીનગર સમાચારમાં સુપ્રસિધ્ધ દૈનિક કોલમ સોળ વર્ષ પૂરાં કરી સત્તરમાં વર્ષમાં પ્રવેશને ઉમળકાથી હૃદયપૂર્વક સ્વાગતને આ માટે શ્રી સુરેશભાઈ ભટ્ટને અનંત કોટિ અભિનંદન.

દૈનિક વર્તમાનપત્રોમાં જન જનનાં પ્રિય એવાં ગાંધીનગર સમાચાર અન્ય સમાચારપત્રોની તુલનામાં સીમિત કિંમતથી વિવિધ આકર્ષિત હકારાત્મક સમાચારથી શોભાયમાન છે. સોળ - સોળ વર્ષથી તેમાં પ્રસિધ્ધ થતી કોલમ 'સુપ્રભાતમ્' સમાચારપત્રનું આગવું આકર્ષણ - આભૂષણ બનેલ છે.

સુપ્રભાતમાં પ્રસિધ્ધ કરાતાં સવારની સલામ (મુક્તક) હાઈકું રોજબરોજની વર્તમાન હકીકતોની દિલસ્પર્શીય વિગત માત્ર સત્તર શબ્દોમાં અપાય તે સમાચારના સાહિત્યમાં વિક્રમ જનક શિધ્ર કવિની અગ્રતાનો અહેસાસ થાય છે.

સુવિચારો, ચિંતન, બોધકથામાં આબાલ વૃધ્ધને ઉપયોગી હકીકતો સાથે આર્થિક, સામાજિક, રાજકીય બાબતો અંગે જનતાના મનમાં વલોવાતાં પ્રશ્નોને નિર્ભિક રીતે ઉદાહરણથી વણી લઈને તમામ વર્ગને રાજકીય પક્ષોની લોભામણી કામગીરી પર માર્મિક રીતે કરાતી આલોચનામાં વાંચકોને તો ખૂબ મઝા પડે જ પડે પણ સંબંધિતોને તેનો ચચરાટ થાય તો પણ મલકાઈ જાય તેવી ભાષા - શબ્દોની ગોઠવણ પણ વાંચકોની સવારને હાસ્ય કબલમાં ગયાં સિવાય હાસ્યથી ઘર બેઠાં જ ઉલ્લાસમય તાજગી ભરી દે છે. કેટલાંક તેજાબી લાગે તેવાં લખાણોને ગાંધીનગર સમાચારમાં નિર્ભિક સ્થાન અપાયા કહે છે તે માટે 'ગાંધીનગર સમાચાર'ની પણ સરાહના ને વાહ... વાહ... સહજ થયાં કરે છે.

'સુપ્રભાતમ્'ના દીર્ઘકાળથી પ્રસિધ્ધ થતાં મુક્તક, ચિંતન, બોધકથા, સુવિચારમાં પુનરાવર્તન સિવાય નિત નવા નાવિન્ય વાંચન લોકજીભે વખણાવા ઉપરાંત અપવાદ સિવાય તમામ તેના વ્યસની બની ગયાં છે. નિખાલસતાથી વ્યક્તિગત જણાવવાની રજા લઉં કે જે દિવસે સમાચારપત્ર રજાને કારણે અથવા આપની ગેરહાજરીથી 'સુપ્રભાતમ્' પ્રસિધ્ધ ન થાય ત્યારે થતી અકળામણ અત્યારે ખાસ યાદ આવે છે. સુપ્રભાતમ્નું વ્યસન તો એટલું બધું છે કે ચા પછી, પહેલાં 'ગાંધીનગર સમાચાર'નું 'સુપ્રભાતમ્'.

નિવૃત્તિની વયમાં પણ એક ધારા સોળ-સોળ વર્ષથી શ્રી સુરેશભાઇ ભટ્ટે સંસ્કાર, સમાજ અને સંસ્કૃતિની ઉપાસનાનું, જીવનને અને સમાજને સમૃધ્ધ બનાવવાનું અવિસ્મરણીય કાર્ય અવિરત ચાલુ રાખ્યું છે એ સિધ્ધિ પ્રશંસનીય છે. આપના વિચારોની દિવાદાંડી આપના નિરામય ચિરાયુથી સદા - વધુને વધુ પ્રજ્જવલિત રહીને સૌને લાભાન્વિત બનતી રહે એ જ ભાવના. 'ગાંધીનગર સમાચાર'નાં તંત્રી શ્રી કૃષ્ણકાન્તભાઈ જ્હા તમામ સદ્કાર્યોને પ્રોત્સાહન આપતાં રહ્યાં છે. જાહેરમાં બિરદાવતા રહ્યાં છે. આ તબક્કે તેમને પણ અભિનંદન...

- સી. ડી. ધનેશ્વર, સેકટર-૨૨, ગાંધીનગર

આપણા અખબારમાંથી સમાજને સંસ્કારરૂપી સમાચારો મળી રહે છે...

ગાંધીનગર સમાચારની દૈનિક કોલમ 'સુપ્રભાતમ્', સવારની સલામી (મુક્તક), હાઈકુ, બોધકથા, ચિંતન અને સુવિચારોનાં આપશ્રીએ ૧૬ વર્ષ પૂરા કર્યા તે બદલ હાર્દિક શુભેચ્છા...

મારા ત્યાં લગભગ બધાં જ દૈનિક સમાચારપત્રો આવે છે પણ 'ગાંધીનગર સમાચાર'ના આ કોલમ એટલે કે 'સુપ્રભાતમ્'થી જ વાંચવાની શરૂઆત કરૂં છું. 'સુપ્રભાતમ્' કોલમ વાંચવાથી આવા સાતત્યપૂર્ણ લેખનથી જીવનમાં ઘણી બધી પ્રેરણા મળે છે અને આવા સુવિચારો અને બોધકથાઓથી સંસ્કારના સિંચનમાં પણ વધારો થાય છે. 'સુપ્રભાતમ્' એ ગાંધીનગર સમચારાના કલગી સમાન છે. ગાંધીનગર સમાચાર એ એક અનોખું જ આપણું પોતાનું અખબાર છે જેમાં સમાજને સંસ્કારરૂપી સમાચાર મળી રહે છે.

આપશ્રી હજુ પણ 'સુપ્રભાતમ્' દૈનિક કોલમ લખતાં રહો તથા આપનું સ્વાસ્થ્ય એ તંદુરસ્તી જળવાઈ રહે તે માટે પ્રભુ પ્રાર્થના તથા સમાજને આપના સુવિચારોથી સંસ્કારશીલ બનાવવા વિનંતી.

- એન.પી. પટેલ
મેનેજિંગ ડીરેક્ટર, વેસ્ટર્ન એગ્રી સીડ્સ લીમીટેડ

સવારની સલામ; ખરેખર વખાણવા યોગ્ય...

પાટનગર ગાંધીનગરના પ્રતિષ્ઠિત દૈનિક ''ગાંધીનગર સમાચાર''માં આપની કોલમ 'સુપ્રભાતમ્' તા. ૨૬-૧૧-૨૦૧૨ ના રોજ ૧૬ વર્ષ પૂર્ણ કરી ૧૭માં વર્ષમાં પ્રવેશ કરશે, આ શુભ પ્રસંગે મારી મંગલકામના વ્યક્ત કરૂં છું.

આટલા વર્ષો દરમિયાન આપે આ કોલમમાં ખાસ કરીને જે ''સવારની સલામ'' (મુક્તક) રજૂ કરો છે તે ખરેખર વખાણવા યોગ્ય છે. આ મુક્તક વ્યક્તિ વિશેષ, ધાર્મિક પ્રસંગો કે દેશ પર થતી રાજનીતિ હોય, આવા મુકતક આપની દરેક વિષય પર કેટલી મજબૂત પકડ અને ઊંડી સૂઝ છે તે દર્શાવે છે.

મારી અને ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની શુભકામનાઓ આપની સાથે જ છે.

- એસ.ડી. આર. મલિક
પ્રમુખ, ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ